GJSR100005312025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૦ ૦૬ ૨૧ |

**ફોજદારી કેસ નં. :– ૪૬૯/૨૦૨૫**
**ચુકાદો આંક :–**

**:: નમૂના – અ ::**

| **ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.** | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૨૨૫૦૧૬૩/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. |
| આરોપી પક્ષ | અવિનાશભાઈ ઉકકળભાઈ વસાવા<br>રહે. ધરમપુર ગામ, તા.માંડવી, જિ.સુરત |
| રજૂઆત | વિ.વકીલશ્રી એચ.જી.વસાવા. |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૪/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૦/૦૪/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | ૨૦/૦૮/૨૦૨૫ |
| તહોમતનામા / પ્લીની તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૯/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

## :: આરોપીની વિગત ::

| અનુ. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અવિનાશભાઈ ઉકકળભાઈ વસાવા | ૩૦/ ૦૪/ ૨૦૨૫ | ૩૦/ ૦૪/ ૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ | નિર્દોષ | – | – |

## :: જજમેન્ટ ::

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:–**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યાના અરસામાં મોજે પીનપુર નાકા ઉમરપાડા થી માલ્ધા ફાટા તરફ જતા રસ્તા ઉપર પીનપુર નાકા પાસે, તા.ઉમરપાડા, જિ.સુરત ખાતે આ કામના તહોમતદારે પોતાના કબજાની હાઈવા ટ્રક નં.જીજે/૧૯/વાય/૮૭૪૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરીયાદના આધારે ગુન્હો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરુરી પુરાવો એકત્રિત કરી, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનુ ચાર્જશીટ નામ. કોર્ટ, ઉમરપાડા ખાતે રજુ કરેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, તેઓની સામેના ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ

છે. ત્યારબાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૩૦ અન્વયે આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૧૯૩ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૭૪ અન્વયે, આરોપીને ગુના અંગેની સમજ આપી આંક–૦૪ (એ) દ્વારા ઉપરોકત ગુન્હાઓ અંગેની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

(૩) ફરીયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::–**

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૫ થી પંચસાહેદ નટવરભાઈ ખાલપાભાઈ વસાવાની જુબાની |
| ૦૨ | આંક–૦૭ થી પંચસાહેદ રમેશભાઈ ઉકડીયાભાઈ વસાવાની જુબાની |
| ૦૩ | આંક–૦૯ થી ફરિયાદી / તપાસ કરનાર અમલદાર ચંદ્રસિંગભાઈ બાબલાભાઈની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૬ થી અસલ ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૨ | આંક–૧૦ થી ગુનાની અસલ ફરીયાદ |

**–:: બચાવ પક્ષ તરફે પુરાવો ::–**

(બી) બચાવપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**–:: કોર્ટ તરફે પુરાવો ::–**

(સી) કોર્ટ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**–:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન ::–**

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જે.વસાવા નાઓની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીના વધારાનાં નિવેદન માટે રાખી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધતા આરોપીએ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ખોટો છે અને તેઓ કશું જાણતા નથી તેમ જણાવી તેઓએ સોગંધ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તર્ફે પુરાવાઓ રજૂ કરવાનો હકક પૂર્ણ થયાનું જાહેર કરી હાલનું કામ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**–:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૩૫૨ મુજબ દલીલ ::–**

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પૂર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ, તેમજ ઉભય પક્ષની રજૂઆતો ઘ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૬૩ મુજબનું તહોમતનામું ::–**

**–:: મુદ્દાઓ ::–**

**( આરોપી સામેનો ચાર્જ)**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યાના અરસામાં મોજે પીનપુર નાકા ઉમરપાડા થી માલ્ધા ફાટા તરફ જતા રસ્તા ઉપર પીનપુર નાકા પાસે, તા.ઉમરપાડા, જિ.સુરત ખાતે આ કામના તહોમતદારે પોતાના કબજાની હાઈવા ટ્રક નં.જીજે/૧૯/વાય/૮૭૭૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણય :–**

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) કોઈપણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપી ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીએ સદર ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુન્હામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરુદઘ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની

જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂદધ હીમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂદધ સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના કારણે ફરીયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૬૫ મુજબનો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**–:: ઓકયુલર એવીડન્સ ::–**

---

(૯) આ કામે ફરીયાદપક્ષ તર્ફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની આરોપી તર્ફેના વિ.વ.શ્રી ધ્વારા લંબાણપૂર્વકની ઉલટતપાસ કરેલ છે, જે નીચે મુજબ છે.

(૯/૧) ફરિયાદપક્ષે આંક–૦૫ થી પંચસાહેદ નટવરભાઈ ખાલપાભાઈ વસાવા તથા નાઓને આંક–૦૭ થી પંચસાહેદ રમેશભાઈ ઉકડીયાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૦૬ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને વિમુખ સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી, તેમાં શું લખેલુ તે મને ખબર નથી. મારા રુબરુ કોઈ આરોપીને અટક કરવામાં આવેલા નથી.

(૯/૨) ફરિયાદપક્ષે આંક–૦૯ થી ફરિયાદી / તપાસ કરનાર અમલદાર ચંદ્રસિંગભાઈ બાબલાભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે ખાનગી વાહનમાં બેસી પીનપુર નાકા પાસે પોતાનું વાહન ઉભું રાખી વાહન ચેકિંગ કરતા હતા તે દરમ્યાન માલ્ધા ફાટા તરફથી હાઈવા કંપનીનો ટ્રક ચાલક રોડ ઉપર સામેથી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અમોએ તેને વ્હિસલ મારી હાથના ઈશારા વડે ઉભો રહેવા કહેતા હાઈવા ટ્રકના ચાલકે ટ્રક ઉભો નહી રાખી ટ્રક દૂર જઈ ઉભો કરેલ. જેથી તેની પાસે જઈ પંચો રૂબરૂ હાઈવા ટ્રકનો રજી. નંબર જોતા જીજે–૧૯–વાય–૮૭૪૨ નો હોય હાઈવા ટ્રક ચાલકનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનું નામ અવિનાશ ઉક્કળભાઈ વસાવા, રહે. ધરમપુર, તા. માંડવી, જિ. સુરતના હોવાનું જણાવેલ જેથી બે પંચોની હાજરીમાં વિગતવારનું પંચનામુ કરી આરોપીની અટક કરવામાં આવેલી. સદર ગુનાની ફરીયાદ પોલીસ સ્ટેશન જઈ અમોએ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં ફરીયાદ આપનાર તરીકે મારી સહી છે જે ઓળખી બતાવું છું. જેને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે. ત્યારબાદ સદર ગુનાની તપાસ અમોને પો. સ્ટે. અમલદારનાઓએ સોપતા તે સંભાળી લઈ. અમોએ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પંચોના નામ સરનામા મેં મારી ફરિયાદમાં જણાવેલ નથી. મેં મારી ફરિયાદમાં ખાનગી વાહનનું વર્ણન જણાવેલ નથી. હાલના કામે પોલીસ સાહેદો સિવાય અન્ય સાહેદોના નિવેદનો લીધેલા નથી. માંડવીથી પીનપુર વાળો રસ્તો સ્ટેટ હાઈવે છે. આ કામે ફરિયાદી તથા તપાસ કરનાર અમલદાર અમે છીએ.

---

**:: ભારતિય સાક્ષ્ય અધિનિયમ – ૨ મુજબ રેકર્ડ પર આવેલ પુરાવાનું મૂલ્યાંકન ::**

---

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપી સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ– ૨ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસૂરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી

કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

**<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મુલ્યાંકન :–</u>**

**<u>મુદ્દા નંબર–૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચા:–</u>**

(૧૧) સદરહુ કામે આરોપીની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષની હકિકત મુજબ આરોપી વિરૂધ્ધ તેના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવેલ હોવાનો આક્ષેપ છે. તે સંજોગોમાં સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે તે જરૂરી છે. સબબ કામે ફરિયાદપક્ષે આંક–૦૯ થી ફરિયાદી / તપાસ કરનાર અમલદાર ચંદ્રસિંગભાઈ બાબલાભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ ધ્વારા આરોપી વિરુધ્ધ ગુનાની ફરિયાદ આપી અને તે જ ગુનાની તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોય ચાર્જશીટ કરેલ છે. સદર તપાસ કરનાર અમલદાર બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પંચોના નામ સરનામા ફરિયાદમાં જણાવેલ નથી, ફરિયાદમાં ખાનગી વાહનનું વર્ણન જણાવેલ નથી. વધુમાં આ ગુનાના કામેની ફરિયાદ તથા તપાસ હાલના આંક–૦૯ ના સાહેદ ધ્વારા જ કરેલ છે. જેથી યોગ્ય તપાસ થયેલ છે કે કેમ તે અંગે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં તપાસેલા તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદ હોય તેઓની જુબાનીને અન્ય સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થવુ આવશ્યક છે. ફરિયાદપક્ષે આંક–૦૫ તથા આંક–૦૭ થી પંચસાહેદોને તપાસવામાં આવેલ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ સદર પંચસાહેદો બનાવ સ્થળે હાજર હતા અને તેઓની હાજરીમાં આરોપીને અટક કરવામાં આવેલ છે. સદર પંચસાહેદો કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ધ્વારા તૈયાર પંચનામામાં સહી કરેલ હતી અને તેઓ રેડમાં ગયેલ ન હતા તથા કોઈ આરોપીને અટક કરેલ ન હતો. આમ, સદર સ્વતંત્ર પંચસાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ ન

હોય તેઓનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. આમ, પોલીસ સાહેદો દ્વારા સમર્થનકારી જુબાની આપેલ હોવા છતાં સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય તેવા પુરાવા પર આધાર રાખી આરોપીને ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં બનાવ સ્થળની આસપાસના કોઈ સાહેદોને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ નથી.

(૧૨) અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફરીયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ છે અને તમામ રેઈડ સમયે હાજર હતાં અને સાહેદોએ ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે તેમજ આરોપી તર્ફે કોઈ તટસ્થ બચાવ હાલના કામે કોઈ પણ સાહેદના પુરાવા લાવેલ નથી. પરતું પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. સદર કેસ લગત રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં આરોપી જ હાલના ગુનાના કામે સંકળાયેલ છે તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં તેઓનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણતો નથી. **<u>નામ. ગુજરાત હાઈકોર્ટે તેમની સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.રઈજીભાઈ ચતુરભાઈ (૧૯૬૦ જી.એલ.આર. પાના નં.૭૭)</u>** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરીયાદપક્ષને જો સમર્થન આપતા ના હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહિં. હાલના ગુનાના કામે પોલીસ દ્વારા કાર્યવાહી થયેલ છે, તે પરત્વે નામદાર સર્વોચ્ચ અદાલતે **<u>Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885</u>**; ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, "If everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution."

(૧૩) આમ, આરોપીએ પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારેલ હોય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ નિશંકપણે રેકર્ડ પર લાવી શકેલ નથી.

**ઉપસંહાર :-**

**(૧૪)** આમ, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાઆનું બારીકાઇ થી મૂલ્યાંકન કરવામાં આવે તો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ-૧૦૪ તથા ૧૦૫ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે. જે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ કલાક ૧૭:૩૦ વાગ્યાના અરસામાં મોજે પીનપુર નાકા ઉમરપાડા થી માલ્ધા ફાટા તરફ જતા રસ્તા ઉપર પીનપુર નાકા પાસે, તા.ઉમરપાડા, જિ.સુરત ખાતે આ કામના તહોમતદારે પોતાના કબજાની હાઈવા ટ્રક નં.જીજે/૧૯/વાય/૮૭૪૨ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરેલ હોય તેવી ફરીયાદ હકીકતને ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ **મુદ્દા નં.૦૧ નો નિર્ણય નકારમાં** આપી **મુદ્દા નં.૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## - : આખરી હુકમ : -

૧. આ કામના આરોપી-અવિનાશભાઈ ઉકકળભાઈ વસાવા, રહે. ધરમપુર ગામ, તા.માંડવી, જિ.સુરત નાઓને તેઓની સામેના ગુન્હા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧ મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - ૨૭૮(૧) અન્વયે ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ અન્વયે આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવા અથવા અગાઉના જામીન ચાલુ રાખવાની પુરસીસ રજુ રાખવી.

હુકમ આજરોજ તા.૧૨મી, માહે માર્ચ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૩/૨૦૨૬
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )
જ્યુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )